# અક્રમ યુથ



દાદા ભગવાન પરિવાર

જુલાઈ - ઓગસ્ટ ૨૦૨૫



# સંપાદકીય

મિત્રો, ગયા વર્ષે જન્માષ્ટમી નિમિત્તે બહાર પડેલા અંકમાં આપણે શ્રીકૃષ્ણ ભગવાનનો વાસુદેવ તરીકે, ભાવિ તીર્થંકર તરીકે પરિચય મેળવ્યો. દરેક કાળમાં ત્રેસઠ ઉત્તમ પુરુષો થાય છે, જેમને મોક્ષમાર્ગનો સિક્કો વાગી ગયો હોય છે, જેમાંથી એક એટલે વાસુદેવ, જે અલૌકિક પદ છે. વાસુદેવ તરીકે જેમનો જન્મ થાય તેના કેટલાય અવતારો પહેલાંથી તેમનો પ્રભાવ ગજબનો હોય. તેમની આંખ દેખીને જ માણસો ભડકી જાય. તેઓ ચાલે તો જાણે ધરતી ખખડે. તેમની હાજરીથી જ લોકો આઘા પાછા થઈ જાય ! તેમના લક્ષણો જુદી જ જાતનાં હોય.

પણ સાથે સાથે શ્રીકૃષ્ણ ભગવાન એક મહાન જ્ઞાની પુરુષ પણ હતા, જેમણે મહાન ભગવદ્ ગીતાનું જ્ઞાન જગતને આપ્યું છે. જ્યારે અર્જુન રણભૂમિ ઉપર પોતાના સગાં-સ્નેહીઓ સામે યુદ્ધ લડવાના વિચારથી વિષાદમાં ડૂબી ગયા હતા કે, "હું મારા સ્નેહીઓને મારી નાખું તે કેટલું ખરાબ કર્મ છે." ત્યારે અર્જુનનો મોહ દૂર થાય અને તેઓ યુદ્ધ કરવા માટે તૈયાર થાય તે અર્થે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને આ જ્ઞાન આપ્યું હતું. જે આજે પણ આધ્યાત્મ અને વ્યવહાર જગતમાં લોકો ઊંડાણમાં સ્ટડી કરે છે.

આ અંકમાં એક પ્રયાસ છે શ્રીકૃષ્ણ ભગવાનનો એક જ્ઞાની પુરુષ તરીકેની સાચી ઓળખાણ મેળવવાનો. અહીં, પરમ પૂજ્ય દાદાશ્રીએ અત્યંત સરળ ભાષામાં આપેલી સાચી સમજણ થકી, યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાનના હૃદયની વાતોનો આપણને ફોડ મળે છે.

**- ડિમ્પલભાઈ મહેતા**



# ફિલ્મ પ્રીમિઅર

હેરીએ લખેલી સ્ક્રિપ્ટ, "શ્રીકૃષ્ણ ભગવાનની સાચી ઓળખ" ઉપર ફિલ્મ બની ગઈ, અને આજે એનું પ્રીમિઅર છે. ફિલ્મના પ્રીમિઅરનું ભવ્ય ઓડિટોરિયમ, લોબીમાં રેડ કાર્પેટ, લોકોનું ટોળું, કેમેરાના ફ્લેશ, આવનારા મહેમાનોની ચર્ચા એ બધાની વચ્ચે હેરી એક ક્ષણ માટે અટકી ગયો, જ્યારે એની નજર ફિલ્મના મેઈન એક્ટર રાઘવ પર પડી.

**હેરી (આશ્ચર્યથી) :** "રાઘવ ?! યાર તું ?? એટલે આ પોસ્ટરમાં કૃષ્ણ, એ તું છે ? મેકઅપ એટલો સુપર્બ છે કે ઓળખાયો જ નહીં !

**રાઘવ (હસતા) :** હેરી ! ઓહ વેઈટ ! એટલે તું એ હેરી છે, જેણે આ ફિલ્મની સ્ક્રિપ્ટ લખી છે ? (હેરીએ માથું હલાવીને હા પડી) વાહ યાર ! કેટલાં વર્ષો પછી મળ્યા ! યાદ છે આપણી સ્કૂલનું નાટક ? જેની સ્ક્રિપ્ટ પણ તે જ લખી હતી.

**હેરી (હળવી લાગણી સાથે) :** હા, આપણું "માખણ ચોર" નાટક ! તું એમાંય કૃષ્ણના રોલમાં જ હતો ને ! ક્યાં ખબર હતી કે તું સ્ક્રીન પર મોટો એક્ટર થઈશ ?

**રાઘવ (ગંભીર થઈને) :** પણ હેરી... માનવું પડે દોસ્ત ! શું સ્ક્રિપ્ટ લખી છે ! આ ફિલ્મમાં મારે કૃષ્ણ ભગવાનનો રોલ ખાલી ભજવવાનો નહોતો, એને સમજવાનો પણ હતો. તારી સ્ક્રિપ્ટ વાંચ્યા પછી તો મારી કૃષ્ણના વ્યક્તિત્વના ઊંડાણને માપવાની શરૂઆત થઈ !

**હેરી (અનુભૂતિથી) :** મારા માટે પણ શ્રીકૃષ્ણ કોઈ ધાર્મિક કે પૌરાણિક વ્યક્તિ નહીં, પણ એક મિત્ર જેવા બની ગયા છે. અને તારી એક્ટિંગે આ મિત્રને ફરી જીવંત કરી દીધો.

**રાઘવ :** તે એમને કાગળ પર અક્ષરોમાં જીવંત કર્યા... હું તો તારા શબ્દોની માત્ર છબી બન્યો છું.

(બંને થોડું ઊભા રહી એકબીજાને જુએ છે, બાળપણની યાદો વાગોળતા ઊભા છે.)

**હેરી (મોટેથી) :** ચાલ, લોકો રાહ જોઈ રહ્યા છે. જઈએ ?

**રાઘવ (હસીને) :** "જય શ્રી કૃષ્ણ !" લેટ્સ ગો !

પ્રીમિઅર પૂરો થતા આખું થીએટર તાલીઓના ગડગડાટથી ગાજી ઉઠે છે. ડિરેક્ટર હેરી અને રાઘવ પાસે આવે છે.

ડિરેક્ટર: કોન્ગ્રેટ્સ ! હેરી... હવે આનો બીજો પાર્ટ પણ તારે લખવાનો છે, આવી જ વાતો જે દુનિયા નથી જાણતી એ લખજે. એન્ડ રાઘવ, તારું રિસર્ચ ચાલુ રાખજે. બીજા મૂવિમાં કૃષ્ણ ભગવાનના રોલ માટે !

ડિરેક્ટર જાય પછી રાઘવ થોડો ચિંતામાં દેખાય છે.

**હેરી :** શું થયું દોસ્ત ? કેમ ચિંતામાં પડી ગયો ?

**રાઘવ :** યાર, નેક્સ્ટ ફિલ્મના રોલ માટે... કેમ કે, કૃષ્ણને સમજવું આટલું સહેલું નથી.

**હેરી :** ઈમ્પોસિબલ પણ નથી. હજુ વાર છે નેક્સ્ટ ફિલ્મની. હમણાં તો આ સકસેસ એન્જોય કરીએ !

બધા સેલિબ્રેટ કરે છે. પાર્ટી પૂરી થતા હેરી રાઘવને પોતાના ઘરે આવવા આગ્રહ કરે છે. બંને સાથે ઘરે આવે છે. ઘરમાં આવતા જ હેરીના ફોનની રીંગ વાગે.

**હેરી :** હેલો... હા, પપ્પા. પણ...? અરે પપ્પા, મારી મૂવિ તો હીટ... તમે સમજતા કેમ નથી ? ઓકે, બાય.

(હેરી ગુસ્સામાં ફોન મૂકે)

**રાઘવ :** અંકલ ?

**હેરી :** યાર... પપ્પાને હજુ મારા પર ભરોસો નથી. કહે છે પૈસા ઉડાવે છે, કંઈ કમાતો નથી, હવેથી એક પાઈ નહીં મળે. એમને ખબર નથી હવે એમનો દીકરો

સક્સેસફૂલ રાઈટર બની ગયો છે.

**રાઘવ :** હેય, ચિલ હેરી. હું અંકલને ઓળખું છું. એમને તારી ચિંતા થતી હોય છે, બસ એમની એક્સપ્રેસ કરવાની રીત કંઈક જુદી છે.


**હેરી :** આઈ નો ! હું માંગું એ પહેલા તો પૈસા ટ્રાન્સફર કરી દે છે. પણ બોલવામાં કશું બાકી નથી રાખતા !

**રાઘવ :** એક વાત કહે, અંકલ અને તારી વચ્ચે કેટલો એજ ડિફરન્સ છે ?

**હેરી :** પચ્ચીસ વર્ષ.

**રાઘવ :** હમમ... તું હમણાં જ મને મારી ચિંતાનું કારણ પૂછતો હતો ને ? તો લે આ વાંચ.

(હેરી એના ટેબલેટમાં એક પેજ ખોલીને હેરીને વંચાવે છે.)





# હજારો વર્ષો પછી...

**દાદાશ્રી :** આ છોકરો હોસ્ટેલમાં ભણતો હોય ત્યારે ફાધર તેને કડક શબ્દોમાં પત્ર લખે કે, 'તું ભણતો નથી અને મારા પૈસા બગાડે છે, સિનેમા-નાટક જોયા કરે છે, કંઈ કરતો નથી.' ત્યારે છોકરો શું કરે કે બાપનો પત્ર પોતાના ફ્રેન્ડને દેખાડે અને કહે કે, 'જો ને મારા ફાધર કેવા છે ? જંગલી છે, ક્રોધી છે ને લોભી છે, કંજૂસ છે.' આવું છોકરો કેમ કહે છે ? કારણ કે તેને ફાધરની વાત નથી સમજાતી, એ ફાધરનો અંતરઆશય નથી સમજી શકતો. ફાધર અને છોકરામાં માત્ર પચીસ જ વરસનો ડિફરન્સ છે, છતાં પણ બાપનો અંતરઆશય દીકરો સમજી શકતો નથી; તો પછી કૃષ્ણ ભગવાનને તો પાંચ હજાર વર્ષ થયાં, તે પાંચ હજાર વર્ષના ડિફરન્સમાં કૃષ્ણ ભગવાનનો અંતરઆશય કોણ સમજી શકે ? એમનો અંતરઆશય કોણ બતાવી શકે ? એ તો જે 'ખુદ' કૃષ્ણ ભગવાન હોય તે જ બતાવી શકે ! મહાવીરના અંતરઆશયની વાત કોણ બતાવી શકે ? એ તો જ ખુદ મહાવીર હોય તે જ બતાવી શકે. મહાવીરને પણ ૨૫૦૦ વરસનો ડિફરન્સ થયો.

પહેલાંના જમાનામાં તો પચીસ વરસના ડિફરન્સમાં બાપનો અંતરઆશય દીકરો સમજી જતો હતો, ત્યારે **આજે તો પચીસ વરસના અંતરમાં અંતરઆશયની વાત સમજવાની શક્તિ રહી નથી; તો કૃષ્ણની વાત કેવી રીતે સમજવામાં આવે ?**



**હેરી :** હમમ... તને આ રાઈટ-અપ ક્યાંથી મળ્યું ?

**રાઘવ :** તારી પાસેથી...

**હેરી :** મારી પાસેથી ?

**રાઘવ :** હા... મેં સ્ક્રિપ્ટ વાંચી, મને બહુ ગમી. હું ડિરેક્ટર પાસે ગયો એ પૂછવા કે આ સ્ક્રિપ્ટનો બેઝ શું છે, આ વાતો ક્યાંથી મળી ? એમણે કહ્યું, એમને તો બહુ ખબર નહોતી, પણ લિંકના જે રેફરન્સ તે સ્ક્રિપ્ટમાં મૂક્યા હતા, એ મને મોકલી દીધા. મેં એ વેબસાઈટ ઉપર બ્રાઉઝ કરતા કરતા થોડું વધારે સર્ચ કર્યું તો આખી ભગવદ ગીતા વિશે પણ બહુ નવી વાતો જાણવા મળી. ત્યારે તો આ કેરેક્ટર આટલું સ્ટડી કરી શક્યો.

**હેરી :** દુનિયા ગોળ છે દોસ્ત ! લાગે છે આ નવી વાતોથી, કદાચ બીજો પાર્ટ બની જાય !

**રાઘવ :** કદાચ નહીં, બની જ ગયો સમજ. તારી ઈચ્છા હોય તો તને નવી વાતો કહું ?

**હેરી :** સ્યોર ! આપણે સાથે મળીને ઘણું સારું કામ કરી શકીશું. રાઘવ... તને આજે કોઈ ઉતાવળ ના હોય તો ઘરે રોકાઈ જા દોસ્ત. ખૂબ વાતો કરીશું.

**રાઘવ :** વેલ, હમણાં તો ઘરે જવું પડશે, પણ એક કામ કરીએ. કાલે રવિવારે સવારે મળીએ. બોલ ક્યાં ?

**હેરી :** હું તને લોકેશન મોકલીશ... બ્રેકફાસ્ટ સાથે કરીશું... આ મુંબઈના મારા નાનકડા રૂમમાં તારા વેલકમ માટે કંઈ નથી... પણ ઘરની બાજુમાં મહાદેવજીનું મંદિર છે, ત્યાં એક ટી સ્ટોલ પર મળીશું.

**રાઘવ :** ડન ! મળીએ.

બંને છૂટા પડે.

**બીજા દિવસે મહાદેવજીના દર્શન કરીને ચાની રેક્ડીએ જવા નીકળે ત્યાં જ રસ્તામાં બે બેનોની બોલાચાલી આ લોકોના કાને પડે.**



"અલી જો હું કઈ દઉં છું, આ મંદિરમાં પગ નઈ મૂકું ! મારો ધરમ અભડાય. પર-ધરમ કે'વાય."

"કેવી વાત કરે છ ? શિવ ભગવાનનું મંદિર છે... મોટું શિવલિંગ છે... એમાં ધરમ શાનો અભડાય...?"

"જો તું મને જબરજસ્તી નઈ કર. આપણે લાલા વાળા... મારી દાદીના દાદીય સેવા રાખતા ઘરે... એ કે'તા કે રસ્તામાં હાથી નીચે ચગદાઈ જવાનું થાય તો ભલે, પણ મહાદેવના મંદિરે પગ નઈ મૂકવાનો."

"રે ભગવાન... હોવે ત્યારે... આગળ હવેલી છે ત્યાં જઈએ."

"હોવે, ત્યાં જ જવાય."

**હેરી અને રાઘવ આ તમાશો જોઈને હસતા હસતા રેક્ડીએ આવ્યા. બે કટિંગ ચા ઓર્ડર કરી અને વાતોએ વળગ્યા.**

**રાઘવ :** "પરધર્મ ભયાવહ !"

**હેરી :** રાઈટ... એ કૃષ્ણ ભગવાને પોતે જ ગીતામાં કહ્યું છે ને ? મેં ભાગવત કથામાં સાંભળ્યું હતું.

**રાઘવ (આશ્ચર્યથી) :** તું ને ભાગવત ?

**હેરી :** અરે, આ સ્ક્રિપ્ટ માટે થઈને યાર... બટ ઈન્ટરેસ્ટિંગ હતું.

**રાઘવ :** તો સાંભળ... ખરેખર કૃષ્ણ ભગવાન શું કહેવા માંગતા હતા હું તને દાદાશ્રીના શબ્દોમાં જ વાંચીને સંભળાવું.

# પરધર્મ ભયાવહ



**પ્રશ્નકર્તા :** સ્વધર્મ એટલે શું ? આપણા વૈષ્ણવમાં કહે છે ને કે સ્વધર્મમાં રહો ને પરધર્મમાં ના જશો !

**દાદાશ્રી :** આપણા લોકો સ્વધર્મ એ શબ્દ જ સમજ્યા નથી ! વૈષ્ણવ ધર્મ એ સ્વધર્મ અને શૈવ કે જૈન કે ઈતર બીજા ધર્મ તે પરધર્મ, એમ સમજી બેઠા છે. કૃષ્ણ ભગવાને કહ્યું કે,'પરધર્મ ભયાવહ,' એટલે લોક સમજ્યા કે વૈષ્ણવ ધર્મ સિવાય બીજા બધા ધર્મ પાળે તે ભય છે. તેમ દરેક ધર્મવાળા એવું જ કહે છે કે પરધર્મ એટલે બીજા ધર્મમાં ભય છે, પણ કોઈ સ્વધર્મ કે પરધર્મને સમજ્યું જ નથી. **પરધર્મ એટલે દેહનો ધર્મ અને સ્વધર્મ એટલે આત્માનો પોતાનો ધર્મ.** આ દેહને નવડાવો, ધોવડાવો, અગિયારસ કરાવો એ બધા દેહધર્મ છે, પરધર્મ છે; આમાં આત્માનો એકુય ધર્મ ન હોય, સ્વધર્મ ન હોય. આ આત્મા એ આપણું સ્વરૂપ છે. કૃષ્ણ ભગવાને કહ્યું કે, 'સ્વરૂપનો ધર્મ પાળે તે સ્વધર્મ છે અને આ અગિયારસ કરે કે બીજું કાંઈ કરે તે તો પરાયો ધર્મ છે, એમાં સ્વરૂપ ન હોય.'

**'પોતાનો આત્મા એ કૃષ્ણ છે' એમ સમજાય, એની ઓળખાણ થાય તો જ સ્વધર્મ પળાય.** જેને મહીંવાળા કૃષ્ણની ઓળખાણ પડી એ જ સાચો વૈષ્ણવ કહેવાય, આજે તો કોઈ સાચો વૈષ્ણવ થયો નથી ! 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ....' એ વ્યાખ્યાના હિસાબે પણ એકુય વૈષ્ણવ થયો નથી !

આમ કહે છે કે, 'અમે કૃષ્ણ ભગવાનનો ધર્મ પાળીએ છીએ,' પણ કૃષ્ણ ભગવાન મને રોજ કહે છે કે, 'આમાંનો એકુય જણ મારો સાચો ભક્ત નથી. હું જે કહું છું તે મારી આજ્ઞા તેઓ એક દા'ડો, અરે એક કલાક પણ પાળતા નથી.'





**હેરી :** યાર આ દાદાશ્રી પણ ગજબના જ્ઞાની પુરુષ છે નઈ ? કંઈક નવું જ લઈ આવે. અને કેટલું ઓથેન્ટિક કહે જાણે એ ત્યારે ત્યાં હાજર જ હતા એવું લાગે.


**રાઘવ :** એકદમ... ને પેલા બેન શું કહેતા હતા ? હવેલી છે આગળ. ત્યાં જવું છે ? જોતા તો આવીએ કેવી હોય હવેલી ?

**હેરી :** વ્હાય નોટ ?

બંને ચા નાસ્તો કરીને હવેલીમાં જાય. દર્શન કરીને પ્રસાદ લઈને બહાર બાકડા ઉપર બેસે.

**રાઘવ :** આ તો સરસ મજાનું બાળકૃષ્ણનું મંદિર છે. આ લોકોની ભક્તિ કંઈક અલગ જ છે. ભગવાનને નાના બાળકની જેમ પૂજે છે ! એવું કેમ ?

**હેરી :** લે, મને એમ કે તને ખબર જ હશે. આની પાછળ એક સ્ટોરી છે. આજથી પાંચસો વર્ષ પહેલા જયારે પુષ્ટિમાર્ગ શોધાયો ત્યારની આ વાત છે...




# પુષ્ટિમાર્ગ

શ્રીકૃષ્ણ ભગવાન હજારો વર્ષો પૂર્વે થઈ ગયા. તેમના વખતમાં વૈષ્ણવ નામનો કોઈ ધર્મ કે પુષ્ટિમાર્ગ નહોતો. પુષ્ટિમાર્ગ તો શ્રી વલ્લભાચાર્યજીએ પાંચસો વર્ષ પહેલા જ સ્થાપ્યો હતો.

પાંચસો વર્ષ પહેલા હિન્દુસ્તાનમાં મુસ્લિમ રાજાઓનો બહુ કેર વર્તાતો હતો. સ્ત્રીઓને ઘરની બહાર કે મંદિર જવામાં પણ ભય રહેતો હતો, એટલે કોઈ ઘરની બહાર પગ નહોતું મૂકતું. હિંદુ ધર્મ ખલાસ થઈ જવાની અણી ઉપર હતો. ત્યારે શ્રી વલ્લભાચાર્યે કાળને અનુરૂપ એવા ધર્મને પુષ્ટિ આપી, જેમાં ઘરે બેઠા ભક્તિ કરી શકાય તેવો રસ્તો દર્શાવ્યો. આ ભક્તિમાર્ગ એ પુષ્ટિમાર્ગ કહેવાયો.

ત્યારથી શ્રીકૃષ્ણ ભગવાનના બાળ સ્વરૂપ એટલે કે ઠાકોરજીની પૂજા, સેવા અને ભક્તિ કરવામાં આવે છે. જેમાં ભક્તો ઠાકોરજીને નવડાવે, જમાડે, પોઢાડે, તેમની બધી જ સેવા કરે. ચુસ્ત વૈષ્ણવો પોતે જ્યાં જાય ત્યાં ઠાકોરજીને સાથે લઈ જાય અને ઘરનો સાત્ત્વિક આહાર જ જમે. આખો દિવસ ચિત્ત ભગવાનમાં જ રહ્યા કરે તેના માટે આ ભક્તિમાર્ગ એ ઊંચો માર્ગ છે.



**રાઘવ :** ઓહ, હવે સમજાયું.

**હેરી :** અને એમ પણ કહ્યું છે કે પાંચસો વર્ષ ભક્તિમાર્ગ ચાલશે, પછી આત્મધર્મ પ્રકાશમાં આવશે. અને ખબર છે, આ દાદાશ્રીએ તો એવો આત્મધર્મનો માર્ગ આપ્યો છે, જેમાં સંસાર વ્યવહાર બધું નિભાવવા છતાં આત્માનો સાક્ષાત્કાર થાય !

**રાઘવ :** હા, મને પણ વાંચીને નવાઈ લાગી. પણ એમની વાતો વાંચ્યા પછી મને એમનામાં શ્રદ્ધા બેસે છે.

**હેરી :** ક્યારેક આપણે જઈશું આ અડાલજ ત્રિમંદિરે. તું આવીશ ?

**રાઘવ :** હું પણ તને પૂછવાનો જ હતો. જઈશું ત્યાં.



હેરી અને રાઘવ વાતો કરતા ચાલતા હોય, ત્યાં જ મંદિરની બહાર ભગવાં કપડા પહેરીને એક સાધુ બેઠેલા જોવાય. હેરી અને રાઘવ તેમને થોડો પ્રસાદ અને રૂપિયા ભિક્ષામાં આપે અને એમની સાથે વાતો કરે.

**સાધુ :** સુખી રહો બેટા.

**રાઘવ (થોડું અટકીને) :** બાબા... તમે અહીં કેટલા વર્ષથી છો ?

**સાધુ :** હમ તો સાલ કહાં ગિનતે હૈ... ભગવાન રખે વહાં રહતે હૈ... પૂરા બચપન, જવાની યહીં પર ભગવાન કે શરણ મેં નિકાલે હૈ.

**હેરી :** ઓહ... તો આપ પૂરી જીંદગી યહીં પર રહે હો ? તો ભગવાન કા કભી સાક્ષાત્કાર હુઆ ?

**સાધુ :** સચ બતાઉ બેટા... અભી તક તો નહીં હુઆ... પર હોગા, મેરી શ્રદ્ધા હૈ, હોગા.

**રાઘવ :** આપને યે ભગવા પહેનને કા કબ તય કિયા ?

**સાધુ :** બેટા... બચપનસે સંસાર કી મોહ માયા પસંદ નહીં થી... તબ મુઝે એક ગુરુ મિલ ગયે... ઉનસે સમજ મેં આયા કિ સંસાર કે મોહ, માયા સભી કા ત્યાગ કરો, તભી ઈશ્વર કી પ્રાપ્તિ હોગી... બસ, તબ સે મેં નિકલ પડા હૂં !

**હેરી :** વાહ ! હમ પ્રાર્થના કરેંગે... આપ કો ઈશ્વર કા સાક્ષાત્કાર જલ્દ હી હો...

**રાઘવ :** બાબા... આપ ફોન રખતે હો ?

**સાધુ :** કહાં બેટા... હમ તો સંન્યાસી હૈ... ક્યોં પૂછા ?

**રાઘવ :** મેરે પાસ એક ઠિકાના હૈ... શાયદ આપ કી ખોજ વહાઁ ખતમ હો... વો એડ્રેસ ભેજના થા...

**સાધુ :** ઈસ કાગઝ પે લિખ કે દે...

કરીને સાધુ કાગળ ધરે. રાઘવ વેબસાઈટ ઉપરથી અડાલજનું એડ્રેસ લખીને સાધુને આપે.

**રાઘવ :** ઈધર જાઈએગા, ઔર હમેં બતાના આપકા અનુભવ બાદ મેં. જય શ્રી કૃષ્ણ !

**સાધુ :** જય શ્રી કૃષ્ણ !

હેરી અને રાઘવ ત્યાંથી નીકળતા વાતો કરે છે.

**હેરી :** યાર... કૃષ્ણ ભગવાન પાછળ આખી જીંદગી આપી દેનારા લોકો છે. પછી એમને ભગવાનનો સાક્ષાત્કાર કેમ નહીં થતો હોય ?

રાઘવ ફરીથી એના ટેબલેટ ઉપર એક પેજ વંચાવે.



# સાચો સંન્યાસ

**દાદાશ્રી :** કૃષ્ણ ભગવાને મોક્ષના બે રસ્તા બતાવ્યા : એક સંન્યાસ અને બીજો નિષ્કામ યોગ.

સંન્યાસ શબ્દ બહુ ઊંચો છે, પણ તેને કોઈ સમજતું નથી. લોકોએ જે ભગવાં વસ્ત્ર પહેરે તેને સંન્યાસી કહેવા માંડયું ! **સંન્યાસ એટલે ન્યાસ લેવા મન, વચન, કાયામાંથી, બધેથી આત્મા ખેંચીને આત્મામાં મૂકી દે, તેને સંન્યાસ કહેવાય.** જયાં સુધી 'જ્ઞાની પુરુષ' આત્માનું જ્ઞાન ના આપે ત્યાં સુધી સંન્યાસી જ ના થાય. ખેતરમાં ગયો હોય તે ઘેર ના હોય ને ઘેર હોય તે ખેતરમાં ના હોય, તેમ ધર્મ સંન્યાસી છે તે નિરંતર આત્મામાં જ રહે. ભગવાને ગીતામાં કહ્યું છે કે, 'અભ્યાસ કરજે.' તે અત્યારે ગીતાનો એટલો બધો અભ્યાસ કર્યો કે અભ્યાસનો જ અધ્યાસ થઈ ગયો. અધ્યાસ છોડવા માટે ભગવાને અભ્યાસ કરવાનો કહ્યો, તો અભ્યાસનો જ અધ્યાસ થઈ ગયો !

કૃષ્ણના એકુય શબ્દનો અર્થ આજે કોઈ જાણતું જ નથી. **બધી ક્રિયામાં 'હું કરું છું' એ ભાન ના રહે તે સંન્યસ્ત યોગ ને તે જ સંન્યાસી કહેવાય !** આ આજના સંન્યાસીઓમાં છાંટોય સંન્યસ્ત નથી. આત્મા આત્મામાં જ મૂકયો તે જ સંન્યસ્ત યોગ ! સંપૂર્ણ સંન્યાસી એટલે ધર્મ-સંન્યાસ. તે આ આપણો છેલ્લો સંન્યાસ છે, તે અહીં આત્મા આત્મામાં રહે, આત્મા શુદ્ધાત્મામાં જ વર્તે. આપણો આ અલૌકિક ધર્મ છે ! આ લૌકિક ધર્મમાં તો આત્મામાંથી સંન્યસ્ત લઈને દેહમાં નાખે છે !

**કૃષ્ણ ભગવાને કહ્યું કે આ ત્રણ ગુણ હોય તો તે ખરો સંન્યાસી, પછી તે ગૃહસ્થ હોય, ત્યાગી હોય કે ગમે તે હોય**

૧. કતૃત્વનું અભિમાન ન હોય. ,૨. આસક્તિ ના હોય. ૩. કામના ના હોય.

**હેરી :** વાહ ! હવે આટલી ઊંડી વાત લોકોને કોણ સમજાવે ? બહારથી તમે ત્યાગી હો કે ગૃહસ્થી એ મહત્વનું નથી. અંદરની પરિણતી મહત્વની છે !

**રાઘવ :** હા, સાચો સંન્યાસ એટલે શું એ કોઈ સમજ્યું નથી. મને એક ફની સ્ટોરી યાદ આવે છે, એક સંન્યાસીની. કહું ?

**હેરી :** ચોક્કસ ! તારી બધી સ્ટોરીમાં મને કંઈક નવું જાણવા મળે છે.




એક સાધુ હતા. તે આત્મા પ્રાપ્ત કરવા ઘર સંસારનો, પત્ની-છોકરાંઓનો ત્યાગ કરીને જંગલમાં નીકળી પડ્યા. હવે અમદાવાદ જેવા શહેરની ગરમીમાંથી હિમાલયની ઠંડકમાં શરૂઆતમાં તો એમને સારું લાગ્યું. સાધના શરૂ થઈ. એમ કરતા કરતા શિયાળો આવ્યો અને કડકડતી ઠંડી શરૂ થઈ અને સાધુને શરદી થઈ ગઈ.

થોડા દિવસો તો એમને એમ ખેંચ્યું. પણ પછી શરદી ભારે થઈ ગઈ, તાવ આવ્યો અને માથું દુઃખવા માંડ્યું. એટલે સાધુને એમના પત્ની યાદ આવ્યા, કે "એ હોત તો અત્યારે તુલસીનો ઉકાળો કરીને પીવડાવત અને માથું-બાથું દબાવી આપત." પણ પછી એમણે મનના વિચારોને ધક્કો માર્યો, અને વિચાર્યું કે "હું જંગલમાં જાતે જ તુલસી શોધી કાઢું." એટલે તે જંગલમાં તુલસી શોધવા નીકળ્યા અને એક છોડ મળ્યો. એમાંથી ઉકાળો કરીને પીધો અને સાધુને સારું લાગ્યું. એટલે પછી એમને વિચાર આવ્યો કે "આ છોડ હું મારી ગુફા આગળ વાવી દઉં,

એટલે પછી જ્યારે શરદી થાય તો વાંધો ના આવે." એટલે એમણે ગુફા આગળ એ છોડ રોપ્યો અને રોજ પાણી પાઈને એને ઉછેરવા માંડ્યું. એમ કરતા કરતા છોડ મોટો થયો.

પણ એક દિવસ મોટો ઉંદરડો આવીને આખો છોડ કાપી ગયો. એટલે સાધુને તો ચિંતા થઈ કે, "આટલી મહેનત કરીને છોડવો ઉછેર્યો, પણ આ મહેનત તો નકામી ગઈ !" એટલે ઉંદરનો ઉપાય કરવાનો વિચાર આવ્યો કે, "લાવ ને ! એક બિલાડી પાળું, એટલે ઉંદરડા નાસી જાય ને છોડવો સચવાય." એટલે સાધુ એક બિલાડી લઈ આવ્યા. ઉંદરો તો ભાગી ગયા પણ બિલાડીને રોજ દૂધ ક્યાંથી પિવડાવવાનું ? એટલે સાધુને વિચાર આવ્યો કેમ "એક ગાય પાળી લઉં એટલે એનું દૂધ બિલાડીને પિવડાવાય." અને એ ગાય લઈ આવ્યા.

પછી સાધુને વિચાર આવ્યો કે, "પણ આ ગાયને દોહવાનું, એનું વાસીદું કરવાનું બધું કોણ કરે ?" છેવટે ગાય માટે પરણ્યા અને પત્ની લઈ આવ્યા. આમ સંસાર તો પાછો ત્યાંનો ત્યાં જ રહ્યો.




**હેરી :** હહાહા... એટલે સંસારનો ત્યાગ કર્યો, પણ મન તો પોતાની સાથે ને સાથે જ આવ્યું ને !

**રાઘવ :** એક્ઝેક્ટલી. એની વે, ભૂખ લાગી છે હેરી ?

**હેરી :** હા...

**રાઘવ :** આ જો, મંદિરની ભોજનશાળા હમણાં ખુલી છે. એમાં જઈને પ્રસાદ લઈએ, ને શાંતિથી વાતો કરીએ.

બંને ભોજનશાળામાં જાય છે. થાળી પીરસીને જમવા બેસે છે.



# જીવ તું શીદને સોચના કરે...?

બાજુના ટેબલ ઉપર એક શેઠ અને એમના પત્ની વાતો કરતા હોય છે. સાથે એમના મોટી ઉંમરના બા પણ બેઠા છે. એમનો વેશ જોઈને લાગે છે કે પૈસાદાર ઘરના છે અને કૃષ્ણ ભગવાનના ભક્તો છે, જે વારંવાર અહીં આવતા હશે.

**શેઠાણી :** આ રોજ ભગવાન તારા મંદિરે આવું, તારી સેવા કરું, સવાર-સાંજ મંગળાના દર્શન કરું, રાત્રે શયનના દર્શન કરું, હવ એક જ વરદાન માંગું છું કે મારી દીકરીને સારો મુરતિયો મળી જાય !

શેઠ ટેબલ ઉપર બેઠા છે. એક હાથે જમે છે ને બીજે હાથે મોબાઈલ ફોન ચેક કરે છે.

**શેઠ :** Oh god ! ફરી માર્કેટ ડાઉન ગયું. અને પેલા ફેક્ટરી વર્કર્સ સ્ટ્રાઈક ઉપર છે.

**શેઠાણી :** હવે બસ કરો. તમારું ધોકડું જમે છે, ને તમારું ચિત્ત તમારી ફેક્ટરીમાં છે. જમવાનો સ્વાદ કેવો છે એ પણ તમને ખબર નથી પડતી.

**શેઠ :** તો શું કરું, કોના માટે કમાઉ છું ? તમારા માટે. આપણી છોકરીઓ જુવાન થઈ, પરણવાને લાયક થઈ. હવે એમના માટે ભેગું તો કરવું પડશે ને !

**શેઠાણી :** હે શ્રીનાથજી ! મારી દીકરીઓને એવો વર આપજે કે પૈઠણમાં કંઈ આપવું ના પડે !

**હેરી (ધીમેથી) :** હવે બોલ, આ શેઠાણી ભગવાનના ભક્ત છે કે ભગવાનના બોસ ? ઓર્ડર તો જો કર્યો, પૈઠણ વગરનો જમાઈ !

**રાઘવ :** અને ભગવાને પોતે કહ્યું જ છે ને કે "જીવ તું શીદને સોચના કરે, કૃષ્ણને કરવું હોય તે કરે !"

**બા :** બેટા, હઉ થઈ જશે. ચિંતા શું કામ કરો છો ? "કૃષ્ણને કરવું હોય તે કરે !" અને આપણી છોડી એનો વર એના ભાગ્યમાં લઈને આવી છે. વળી છોકરો થોડો જનમવાનો બાકી છે, એ તો ક્યારનો જન્મી ગયો. બસ ભેટો થાય એટલી વાર !

**શેઠ :** શું બા, તમારી સલાહ તમારી પાસે રાખો. હું દીકરીનો બાપ છું. મારે તો ચિંતા કરવી જ પડે ને !



**હેરી :** અરર ! આટલી સુખ સાહ્યબી છે એને ભોગવતા નથી, અને ભવિષ્યને આજે બોલાવીને ચિંતા કરે છે.

**રાઘવ :** એટલે જ કૃષ્ણ ભગવાન કહે છે,"પ્રાપ્તને ભોગાવો, અપ્રાપ્તની ચિંતા ન કરો !"

**હેરી :** હવે આવા ભક્તો નિરાશ્રિત થઈને જીવે છે. બાકી સાચા ભક્તને તો કેટલી ખુમારી હોય ! કોઈ સંસારની ઈચ્છા ના હોય. ભગવાનને કમ્પ્લીટ સમર્પણ હોય. જ્યારે આ તો એમના પત્ની અને સંતાનોને સમર્પણ થયાં છે.

**રાઘવ :** એટલે જ તો સંન્યાસ લેવાનો કહ્યો છે ને ભગવાને ! પણ સાચો સંન્યાસ !

**હેરી :** હવે મને સમજાયું... સાચો ભક્ત કોને કહેવો ?

જે ચિંતા સોંપી દે છે ભગવાનને - એ સાચો ભક્ત !

જે પ્રાપ્તની ખુમારીમાં જીવે છે - એ સાચો ભક્ત !

જેનું જીવન ઈશ્વરને છે આશ્રિત - એ સાચો ભક્ત !

જેને નથી રહી લગીરે કોઈ સ્પૃહા - એ સાચો ભક્ત !

જે કરે પ્રભુને સર્વસ્વ અર્પણ - એ સાચો ભક્ત !

**રાઘવ :** અને... જેનો બ્રહ્મ સાથે થયો ખરો સબંધ - એ સાચો ભક્ત !

**હેરી :** વાહ ! તું પણ કવિતા કરતો થઈ ગયો ! એમ કહે, "જેનો બ્રહ્મ સાથે થયો ખરો સબંધ" એટલે ?

**રાઘવ :** બ્રહ્મસંબંધ. નાનપણમાં કંઠી પહેરવાથી કે ગુરુ કરવાથી બ્રહ્મસંબંધ નથી બંધાતો. બ્રહ્મ એટલે આત્મા. આત્મા સાથે સંબંધ બંધાય એ ખરો બ્રહ્મસંબંધ. આ જો.



# બ્રહ્મસંબંધ

**પ્રશ્નકર્તા :** આ બ્રહ્મસંબંધ કરાવે છે એ શું છે ?

**દાદાશ્રી :** બ્રહ્મરસ ઝરે ત્યારે લગની લાગે ને ત્યારે બ્રહ્મસંબંધ થાય. 'પોતાનું સ્વરૂપ' સમજાય તે ખરો બ્રહ્મસંબંધ થયો કહેવાય. એક ક્ષણ પણ સ્વરૂપ ભુલાય નહીં તે બ્રહ્મસંબંધ, પછી એકુય ચિંતા ના થાય. આ અમે 'સ્વરૂપનું જ્ઞાન' આપીએ છીએ ત્યારે પછી તમને શુદ્ધાત્માનું નિરંતર લક્ષ રહે છે, તે તમે ખરો બ્રહ્મસંબંધ પામ્યા કહેવાય ! બાકી, કંઠી તો સામાન્ય મર્યાદા કહેવાય. આજે ખરો બ્રહ્મસંબંધ એકુય માર્ગમાં રહ્યો જ નથી. અરે, જેના પોતાના જ બ્રહ્મસંબંધનું ઠેકાણું ના હોય એ બીજાનો બ્રહ્મસંબંધ શી રીતે કરાવી શકે ? વલ્લભચાર્યે તો વેદાન્ત માર્ગને સુંદર પુષ્ટિ આપેલી. વલ્લભચાર્યના વખતમાં કેવા આચાર હતા ? કે લોકો મહારાજનાં દર્શન કરે અને મહારાજ લોકોના શુદ્ધાત્માનાં દર્શન કરે. આ તો કાળની વિચિત્રતાને લીધે બધો ફેરફાર થઈ ગયો છે. આ જો મહારાજસાહેબનાં લોકો દર્શન કરે ને સામે મહારાજ જો લોકોના આત્માનાં દર્શન ના કરે તો મહારાજ પોતે લૂંટાઈ જાય ! હવે આ વાત કોને સમજાય ? હવે કાળ પૂરો થવા આવ્યો છે, હવે બધાં જ રિલેટિવ ધર્મો ટોપ ઉપર આવશે. અમે બધા જ અપસેટ થઈ ગયેલા રિલેટિવ ધર્મોને ફરીથી અપસેટ કરી નાખીશું, એટલે શું થશે ? સેટઅપ થઈ જશે !



**હેરી :** વાહ !

અચાનક હેરી વિચારમાં પડી જાય છે.

**રાઘવ :** શું થયું ? આટલો સીરિઅસ કેમ થઈ ગયો ?

**હેરી :** રાઘવ, એક પ્રશ્ન પૂછું ?

**રાઘવ :** હા બોલ.

**હેરી :** મને એમ કહે કે આપણે આ ફિલ્મની સ્ક્રિપ્ટ માટે આટલી મહેનત કરીએ છીએ, કેમ ?

**રાઘવ :** જેથી ફિલ્મ સારી બને, લોકોને નવી વાતો જાણવા મળે. એમને ગમે ને ફિલ્મ હીટ જાય.

**હેરી :** તો એ આપણે પોતે જ કૃષ્ણ ભગવાનની વાતની વિરુદ્ધ નથી જતા ?

**રાઘવ :** કઈ વાત ?

**હેરી :** નિષ્કામ કર્મ – ભગવાને ગીતામાં કહ્યું છે ને કે "કર્મણ્યે વાધિકારસ્તે, મા ફલેષુ કદાચન" તું કર્મ કર, ફળની આશા ના રાખીશ. પણ આપણે તો ફિલ્મ હિટ જાય એ આશાથી આ કામ કરીએ છીએ ને ?

**રાઘવ :** ગુડ ક્વેશ્ચન. પણ ખરેખર કર્મના ફળની આશા ન રાખવી એ નિષ્કામ કર્મ નથી...

**હેરી :** તો ?

**રાઘવ :** એનો જવાબ તો તારે દાદાશ્રીના શબ્દોમાં જ મેળવવો પડે... આ વાંચ

# નિષ્કામ કર્મ

**દાદાશ્રી :** નિષ્કામ યોગ તે લોકો કહે છે કે, 'કામ કર, પણ ફળની આશા રાખીશ નહીં.' અલ્યા, ફળની આશા રાખ્યા વગર તો ઘરની બહાર જીવડુંય ના જાય, ફળની આશા રાખ્યા વગર કોઈ કામ કરે જ નહીં. જોડાની આશા રાખ્યા વગર મોચીને ત્યાં કોણ જાય ? ફળની આશા વગર તો કોઈ કામ કરે જ નહીં. આ જો ખબર પડી કે, 'આજે બજારમાં શાક નહીં મળે,' તો કોઈ શાક લેવા જાય જ નહીં. છતાં એવું કહેવું પડે કે, 'ફળની આશા રાખ્યા વગર તું કામ કર.' આનાથી શું થાય કે કામ કરતી વખતે આ વાક્ય ખૂંચે કે, 'ભગવાને તો ફળની આશા રાખ્યા વગર કામ કરવાનું કહ્યું છે,' તેથી તેનું ફળ સારું આવે.



આ જો ફળની આશા રાખ્યા વગર કામ કરે તો લોકો પ્રગતિ માંડે, પણ કૃષ્ણ ભગવાન જે કહે છે તે લોકો સમજયા નથી. ભગવાને તો શું કહેલું કે, 'જો તું શાક લેવા જાય તો શાકની આશા રાખજે, પણ જો શાક લીધું છતાં કડવું આવી જાય તો પછી લેવાઈ ગયું એ ફળ, એમાં ફળની આશા ના રાખીશ, એટલે રાગ-દ્વેષ ના કરીશ, જે થયું તે માન્ય રાખજે.' જો ગજવું કપાય તો શાંતિ રાખજે, એના પર વિલાપ ના કરીશ, ત્યાં સમતા રાખજે, રાગ-દ્વેષ ના કરીશ. અહીંથી સાડી લેવા ગયા, માટે સાડીની આશા તો હોય જ. પણ પછી જો સાડી ખરાબ નીકળી તો ડીપ્રેસ ના થઈશ, સાડી જેવી નીકળી એ ભલે હો. ત્યાં આગળ ફળની આશા ના રાખીશ, રાગ-દ્વેષ ના કરીશ, એવું કહેવા માંગે છે. બાકી જોડાની આશા રાખ્યા વગર મોચીને ત્યાં કોણ જાય ? મોચીને ત્યાં જવું, પણ સારું કે ખોટું, પ્રિય કે અપ્રિયની આશા ના રાખીશ. એટલે **પ્રિય કે અપ્રિયની આશા ના રાખવી તે નિષ્કામ કર્મ.**

**હેરી :** બ્યૂટિફૂલ ! કેટલું પ્રેક્ટિકલી સમજાવ્યું છે. ફળની આશા રાખ્યા વગર કામ કરવું, તે નિષ્કામ કર્મ નથી. પણ ફળ આવે તેમાં રાગ-દ્વેષ ન કરવા એ નિષ્કામ કર્મ છે !

**રાઘવ :** રાઈટ. દુનિયા આ જ ભૂલ કરે છે. ભગવાનની વાતનો ઊંધો અર્થ કરીને કહે કે ફળની આશા ના રાખવી. ને પછી હાથ-પગ વાળીને બેસી રહે છે.


**હેરી :** એક વાત કહે રાઘવ. આપણે કૃષ્ણ ભગવાનની આટલી નાની-નાની વાતો સમજતા આટલી વાર લાગી, તો ગીતા તો કેટલો મોટો અને ઊંડો ગ્રંથ છે. એ આખી વાત કઈ રીતે સમજાશે ?

**રાઘવ :** એની શરૂઆત થઈ ગઈ. સાચો સંન્યાસ, પરધર્મ ભયાવહ, નિષ્કામ કર્મ... આ બધું ગીતામાં જ તો કહ્યું છે.

**હેરી :** ઓહ અચ્છા !

**રાઘવ :** તેમ છતાં મને એક બહુ જ ઈન્ટરેસ્ટિંગ લખાણ મળ્યું છે એ વાંચ, જેમાં દાદાશ્રી આખી ગીતા ફક્ત બે શબ્દોમાં સમજાવી દે છે !

**હેરી :** રીયલી બે જ શબ્દોમાં ? આટલો શોર્ટકટ ! બતાવ જલ્દી ક્યાં છે ?



# ગીતાનું રહસ્ય ! અહીં બે જ શબ્દમાં !!

**પ્રશ્નકર્તા :** કૃષ્ણ ભગવાને અર્જુનને શા માટે મહાભારતનું યુદ્ધ લડવા માટે કહ્યું હતું ?

**દાદાશ્રી :** ભગવાનને તે વખતે આવું બોલવાનું નિમિત્ત હતું. અર્જુનને મોહ ઉત્પન્ન થયો હતો, ક્ષત્રિય ધર્મ હોવા છતાં તે મૂર્છિત થયેલો. તેથી મૂર્છા કાઢવા કૃષ્ણ ભગવાને અર્જુનને ચેતવ્યો ને કહ્યું, 'તારી મૂર્છા ઉતાર, તું તારા ધર્મમાં આવ. કર્મનો કર્તા કે ના કર્તા તું થઈશ નહીં.' શ્રી કૃષ્ણ 'વ્યવસ્થિત' જાણતા હતા અને 'વ્યવસ્થિતના' નિયમમાં હતું એટલું જ કૃષ્ણ બોલ્યા છે, પણ લોકોને સમજમાં આવતું નથી અને કહે છે કે કેમ ભગવાન જ્ઞાની થઈને આવું બોલ્યા કે, 'આ બધાંને મારી નાખ ?' કૃષ્ણનો આ તો ઓન ધી મોમેન્ટનો ઉપદેશ હતો, કંઈ હંમેશને માટે આ ઉપદેશ ના કરાય કે, મારજો જ. અર્જુનને બીજાં બધાં સગાંને જોઈને મોહ ઉત્પન્ન થયેલો. ભગવાન જાણતા હતા કે થોડી વાર પછી મોહ ઊતરવાનો છે, એટલે નૈમિત્તિક રીતે કૃષ્ણ ભગવાને વાત કહેલી. તેમણે અર્જુનને કહ્યું, 'તું ક્ષત્રિય છે ને તારાં પરમાણુ લઢયા વગર રહેવાનાં જ નથી, એ અમને જ્ઞાનમાં દેખાય છે કે તારું 'વ્યવસ્થિત' આવું છે. માટે તું ખોટો મોહ ના કરીશ, મારવા માટે મોહ વગર કાર્ય કર, ખોટો અહંકાર ના કરીશ.'

શ્રીકૃષ્ણે નેમીનાથ ભગવાન પાસેથી દિવ્યચક્ષુ મેળવેલાં હતાં, ત્યાર પછી આ ગીતાનો ઉપદેશ તેમણે કરેલો.

ગીતામાં તો કૃષ્ણ ભગવાન બે જ શબ્દ કહેવા માગે છે. એ બે શબ્દ લોકોને સમજાય તેમ નથી, તેથી આટલું મોટું ગીતાનું સ્વરૂપ આપ્યું અને એ સ્વરૂપને સમજવા માટે લોકોએ

ફરીથી વિવેચન લખ્યાં છે. **કૃષ્ણ ભગવાન જાતે કહે છે કે, 'હું જે ગીતામાં કહેવા માગું છું તેનો સ્થૂળ અર્થ એક હજારમાં એક જણ સમજી શકે. એવા એક હજાર સ્થૂળ અર્થને સમજનારા માણસોમાંથી એક જણ ગીતાનો સૂક્ષ્મ અર્થ સમજી શકે. એવા એક હજાર સૂક્ષ્મ અર્થ સમજનારાઓમાંથી એક જણ સૂક્ષ્મતર અર્થને સમજે. એવા એક હજાર સૂક્ષ્મતર અર્થને સમજનારાઓમાંથી એક જણ ગીતાનો સૂક્ષ્મતમ અર્થ અર્થાત્ મારો આશય સમજી શકે !' એ જ એક કૃષ્ણ ભગવાન શું કહેવા માગતા હતા તે સમજી શકે.** હવે આ સાડાત્રણ અબજની વસતિમાં કૃષ્ણ ભગવાનને સમજવામાં કોનો નંબર લાગે ? કૃષ્ણ ભગવાન જે કહેવા માગતા હતા તે બે જ શબ્દમાં કહેવા માગે છે, એ તો જે જાતે કૃષ્ણ થયો હોય તે જ સમજી શકે ને કહી શકે, બીજા કોઈનું કામ નહીં. આજે 'અમે' જાતે કૃષ્ણ આવ્યા છીએ, તારે તારું જે કામ કાઢવું હોય તે કાઢી લે.

કૃષ્ણ શું કહેવા માગે છે ? માણસ મરી જાય ત્યારે કહે છેને કે, 'મહીંથી જતા રહ્યા,' તે શું છે ? તે 'માલ' છે અને અહીં પડયું રહે છે તે 'ખોખું' છે. આ ચર્મચક્ષુથી દેખાય છે તે પેકિંગ છે ને મહીં 'માલ' છે, મટિરિયલ છે. ધેર આર વેરાઈટીઝ ઓફ પેકિંગ્ઝ. કોઈ આંબાનું પેકિંગ, કોઈ ગધેડાનું પેકિંગ, તો કોઈ માણસનું કે સ્ત્રીનું પેકિંગ છે; પણ મહીં 'માલ' ચોખ્ખો, એક સરખો બધામાં છે. પેકિંગ તો ગમે તેવું હોય, સડેલુંય હોય, પણ વેપારી પેકિંગની તપાસ ના કરે, મહીં 'માલ' બરાબર છે કે નહીં તે જોઈ લે, તેમ આપણે મહીંના 'માલ'નાં દર્શન કરી લેવાનાં.

કૃષ્ણ ભગવાન કહે છે કે, 'મહીં જે 'માલ' છે તે જ હું પોતે છું, એ જ કૃષ્ણ છે, એને ઓળખ એટલે ઉકેલ આવશે તારો, બાકી લાખ અવતાર તું ગીતાના શ્લોક ગાઈશ તોય તારો ઉકેલ નહીં આવે !' 'ખોખું' અને 'માલ' આ બે જ શબ્દોમાં કૃષ્ણ ભગવાન જે બધું કહેવા માગતા તે છે, અને આ બુદ્ધિશાળી લોકો ગીતાના અર્થ કરવા જાય છે, એનાં પુસ્તકો કાઢે છે ! મૂળ તો આ લોકોને અર્ક કાઢતાં જ નથી આવડતું ને મોટાં મોટાં વિવેચનો, ટીકાઓ લખી અર્ક કાઢવા ગયા છે; પણ આ તો પોતાના સ્વછંદથી નામના કાઢવા જ કરે છે ! બાકી બે શબ્દમાં જ કૃષ્ણ ભગવાનનો 'અંતરઆશય' સમાઈ જાય છે.

**હેરી :** યાર, આજે તો બહુ બધું કન્ટેન્ટ મળી ગયું નેક્સ્ટ ફિલ્મ માટે.

**રાઘવ :** બસ તો, લખવાનું શરુ કરી દે. એક મજાની સ્ક્રિપ્ટ ! ઓલ ધ બેસ્ટ !

**હેરી :** યાર, તે ધ્યાન આપ્યું દાદાશ્રીએ શું કહ્યું ?"આજે 'અમે' જાતે કૃષ્ણ આવ્યા છીએ, તારે તારું જે કામ કાઢવું હોય તે કાઢી લે."

**રાઘવ :** અમેઝિંગ ! મને લાગે છે આપણે અડાલજ જવામાં બહુ રાહ ના જોઈએ ને ?

**હેરી :** બરાબર છે ! નેક્સ્ટ રવિવારે ?

**રાઘવ :** ડન !

હેરી અને રાઘવ એક નવી જ ઉર્જા સાથે છૂટા પડે છે. બંને આવનારી ફિલ્મની તૈયારીમાં લાગી જાય છે. જેમ જેમ શ્રીકૃષ્ણ ભગવાનને સમજતા જાય છે, તેમ તેમ તેમના વ્યક્તિત્વથી વધુ ને વધુ પ્રભાવિત થતા જાય છે. એથીય વધુ શ્રીકૃષ્ણની સાચી ઓળખ આપનારા દાદાશ્રીને જાણવાની તેમની ઉત્સુકતા વધતી જાય છે.

# કવિતા

વાંસળીવાળા, મોરપીંછવાળા કે જેની દ્વારકા સોનાની છે...?
ખૂબ પૂજાયા છે પણ પૂરા સમજાયા નથી, જે આત્મજ્ઞાની છે...

હૃદયનો નિતાર શું છે, શ્રીમદ્ ભગવત્ ગીતાનો સાર શું છે ?
કુરુક્ષેત્રે અર્જુનને સમજાવ્યું, મુક્તિ શું છે અને સંસાર શું છે ?

ખુદ ખુદને ઓળખવાની, વાત કરીને કહ્યું છે સ્વધર્મ શું છે ?
બંધ ન પડે એ સ્થિતિએ, જઈ સમજાવ્યું નિષ્કામ કર્મ શું છે ?

બધા બોધનો આત્મસાક્ષાત્કાર જ એકમાત્ર આશય છે...
શ્રી યોગેશ્વર પોતે પણ કહે, પ્રત્યક્ષનું મહત્વ અતિશય છે...

દિવ્યચક્ષુએ ગોતી લો, આવું આત્મજ્ઞાની વિરાટ સ્વરૂપ...
તમારો આત્મા જગાડી દે, તમે એને જાણજો શ્રીકૃષ્ણરૂપ...

દાદાના યુવાનો દ્વારા